Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-4, March-2021

# રામચંદ્ર પટેલના નિબંધોમાં પ્રગટતો ગ્રામ્ય જીવનનો ધબકાર

**Mr. PRAVINBHAI BHIKHABHAI VAJIR (M.A., B.ED, PH.D. RUNING)**
**ADDRESS-** RAMNAGAR SOCIETY AT,PO-**LAKHANI** TA-LAKHANI DIST-BANASKANTHA PIN-**385541**
MO- **9427512191**

શ્રી રામચંદ્ર પટેલ એ આધુનિક સમયના ઉત્તમ નવલકથાકાર, કવિ, વાર્તાકાર અને નિબંધકાર છે. એમની પાસેથી આપણા સાહિત્યને અત્યાર સુધી બે નિબંધ સંગ્રહો પ્રાપ્ત થયા છે. જેમાં ‘અડધો સૂરજ સુકો, અડધો લીલો ચાંદો’ અને ‘માટી અને મોભ’. આ બંને નિબંધ સંગ્રહોમાં લેખકે પોતે અનુભવેલા વાસ્તવને નીરૂપવાનો પ્રયત્ન કર્યો છે. તેમજ સાથે સાથે ગ્રામજીવનના વિવિધ તત્વોનો પરિચય પણ તેનું આલેખન બન્યાં છે.

ગ્રામ્ય ચેતનાની વાત કરતાં મણિલાલના અવતરણને ટાંકીને મારા લેખની શરૂઆત કરૂં છું.

“હેમંતના દિવસો છે. શિશિર પણ લીમડાની ડાળે ચહેરો દેખાડવા તૈયાર થઇ રહી છે. ઋતુઓ પોતાનો ક્રમ ચુકી નથી. હા, માણસો ઋતુઓ સાથેની અંતરંગ ઓળખ ચુકી ગયા છે. હજી દૂરના ગામડે ફળિયામાં સવારે તાપણી થાય છે ને બધાં ઘડીક ટાઢને મીશે ભેળાં થઈને જરીક તાપી લે છે. -પછી પાછાં એય જીવતરના સંતાપમાં પરોવાઈ જાય છે. તાપ અને સંતાપની આવન જાવન વિના જીવન પામી શકાતું નથી. હૈયાના સંતાપો અને છાતીમાંના તાપ એ બેની વચ્ચે જીવનનું વાસણ પાકતું-પકવાતું રહે છે. સાચા માણસોની છાતીમાં લાગણી હોય છે અને વેઠ્યાની વેદનાના નીંભાડા પણ બળબળતા જ રહે છે. જિંદગી આવા નીંભાડાની નીપજ છે. નીંભાડે નીપજેલાં માટલાં જ કાળા ઉનાળે શીતળ જળ પીવડાવે છે. જીવતર પરબ છે- પાનારની અને પીનારની પરબ! બળતી બપોરનો બંનેને અનુભવ છે- એટલે પરબનો મહીમાં બંનેને સમજાય છે.”

(મણિલાલ હ. પટેલ)

મણિલાલ પટેલની અભિવ્યક્તિ પણ ખુબ જ સુંદર છે. ગ્રામ્ય જીવન અંગે એ જે વાત કરે છે, જે ચિત્રણ કરે છે ને જે ચિંતન કરે છે તે આપણને સ્પર્શી જાય છે.

રામચંદ્ર પટેલ પોતે જ ‘માટી અને મોભ’ નિબંધ સંગ્રહમાં નોંધે છે કે, ‘મારા નિબંધોમાં પોતિકી વાસ્તવ ખોજ છે, જે આંતરસચ્ચ, ભાવ-લાગણીથી , મૌલિક અવાજથી ગૂંથી મુક્યું છે. ગ્રામજીવન પ્રકૃતિ જોડે વીતેલા અતીત-વ્યતીતના નિરૂપણ માટીગંધ ગુમાવ્યાની વ્યથા, વર્તમાન-યાંત્રિક-જીવનતરની કૃત્રિમતા સાથે વૃક્ષધ્વંસ ચીંધી એના અભાવોને વ્યક્ત કર્યા છે. ‘માટી અને મોભ’ આ નિબંધો દ્વારા ભારતીય ગામતળની ચેતના, એની સોડમ સાથે એની લલિત સુક્ષ્મ છટાઓ સાથે માપશે.” (પ્રાક્કથન)

અહીં મેં રામચંદ્ર પટેલના બંને નિબંધ સંગ્રહો ‘માટી અને મોભ’ તેમજ ‘અડધો સૂરજ સુકો, અડધો લીલો ચાંદો’ ને કેન્દ્રમાં રાખીને તેમાં નિરૂપાયેલા ગ્રામીણ ચેતના અને પ્રકૃતિના તત્વને આલેખવાનો ઉપક્રમ સેવ્યો છે.

સાંપ્રત સમયમાં કિશોરસિંહ સોલંકી, બળવંત જાની, મણિલાલ પટેલ વતન વિચ્છેદ અને પ્રકૃતિ સાથે ગ્રામજીવનને નીરૂપવા પ્રયત્ન કરે છે. તો ભગીરથ બ્રહ્મભટ્ટ ગ્રામ્યજીવનની વિધવિધ સામગ્રીને ગાંઠે કરવા મથામણ કરે છે. બળવંત જાની તથા કિશોરસિંહ સોલંકી જરા અલગ-નોખી રીતે ગ્રામ્ય ચેતનાને ઓળખવા પ્રયાસ કરે છે. આ બધાં સર્જકોમાં રામચંદ્ર પટેલ ગ્રામ ચેતનાના વિવિધ તત્વોને અસલિયત સાથે, ચિત્રાત્મક ભાષાશૈલી અને લલિત ગદ્યમા આલેખે છે. ગ્રામ ચેતના એટલે એમાં

ધબકતું જીવન હોય, એના બધાં જ સંદર્ભો સાથે સંકળાયેલ ગામ, તેમાં ધબકતું નવજીવન, દરેક રંગ સાથે આવીને નિબંધમાં વર્ણવાતું, અભિવ્યક્ત થતું હોય. આધુનિક સમયમાં લલિત નિબંધમાં ગ્રામચેતનાનું, ભાતીગળ સૃષ્ટિનું આલેખન મુખ્ય છે.

રામચંદ્ર પટેલના 'માટી અને મોભ' નિબંધ સંગ્રહમાં વીસ જેટલા નિબંધો આપણને મળે છે. તેમાંથી આશરે પંદર જેટલા નિબંધોમાં ગ્રામ જીવનના વિવિધ તત્વો મળે છે. જેમ કે-'માટી', 'મોભ', 'ખડકી', 'શેઢો', 'હળ', 'કોસ', 'ગાલ્લું,' 'કુંડવાવ' વગેરે. જ્યારે 'તળાવ અને ગરનાળું', 'બડેલી અને બ્રહ્માનંદ' અને ' 'મણિભદ્રવીરનું મંદિર અને હું' આ ત્રણમાં સર્જકના ગામ ઉમતાનું ગ્રામ્ય જીવન અને ત્યાંની પ્રકૃતિ અસલિયત સાથે વ્યક્તિત્વ એકાકાર થઈને આલેખ્યું છે.

'માટી' નિબંધમાં બચપણમાં પ્રથમ વખત પડારસી માટીનો સાક્ષાત્કાર અનુભવ એમની મા પાસે થયેલો અને ત્યારથી આજ સુધી તેમણે માટીના વિવિધ રૂપ જોયા છે. એનું મહત્વ સમજાયું. માટીના વિવિધ રૂપોની વાત કરતાં તેઓ નોધે છે કે-"જળ કિનારે પાંચ મટોડી ઢગલીઓ. એના પર વેરેલા જુવારના દાણા, પછી એમાં જ્વારા ઉગેલા નિહાળ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે માટી જ મહત્વની છે ને એમાં કશુંક છુપાયેલું છે, નહિ તો આવું ના બંને. એ નાળામાં માછલી થઈને તરે,-ફરે માટી પછી વડ, જાંબુડા, આંબલિયો ઉપર ચઢીને ટેટા, જાંબુ રૂપે ટપકે..પાકો ટેટો પોચો પણ ગળચટ્યો. જાંબુ લાગે ખટમીઠાં, આંબલી-આમળાં પાકે તોય ખાટાં. કારેલું ખાધું તો કડવું-તુરૂ. કેટકેટલા માટીના રૂપ-રંગ વળી સુગંધ-સ્વાદ જુદા જુદા." (પૃ-૯) આવી ચમત્કારી માટી પાણી અને અગ્નિનો અંગીકાર કરે ને પાકી બંને. સર્જકે કંસારો અને કુંભારની લોકવાર્તા દ્વારા તાંબા કરતા પણ માટી પાકી-મજબૂત છે એમ દર્શાવીને માટીનું મહત્વ આંકી આપે છે.

અત્યારના આધુનિક સમયમાં સિમેન્ટ-કોંક્રીટના ધાબાવાળા મકાનોમાં પણ મોભનું સ્થાન એવું ને એવું જ રહ્યું છે તેનો નિર્દેશ પણ તેઓ કરે છે.

'ખડકી', 'નીભાડો', 'વાડો' અને 'બીડ' નિબંધોની શરૂઆત રામચંદ્ર પટેલે એથી એક પોતાના સોનેટથી કરી છે. 'ખડકી' માં નિબંધકાર નિર્જીવ ખડકીને સજીવતા અને ખડકી સુખ દુઃખ, વેર-ઝેર, હર્ષ-શોક, 'પ્રેમ-વિરહ', 'જન્મ-મૃત્યુ', 'ઉત્સવો આ બધું અનુભવે છે. નિબંધકાર રામચંદ્ર પટેલ એને આમ વર્ણવે છે. જોઈએ-"બે કે વધારે ઘર આગળની દરવાજાની બે માળ સુધી ગોઠવાયેલી સુવિધા એટલે ખડકી. એ મજબૂત મકાન કક્ષાની હોય છે. ઢાલ-તલવાર બંદૂક સાથે ઝઝૂમીને ક્યારેક ગામની શાન-આબરૂ બચાવી લે છે. અને વળી જો એના કાજે જાન આપવો પડેતો મરી છૂટે." (પૃ-૨૧) ખડકીમાં રહેનારા લોકો પ્રત્યે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર ખડકી સમયે-સમયે નવા રંગ-રૂપ ધારણ કરે છે, અને બધાને રક્ષણ આપે છે. લાંબા ગાળે પરદેશથી નવી આવેલી નવોઢાને જાત-કજાત પૂછ્યા વિના પોતાના કલેજા પર પછી કંકુ થાપા પણ કરાવે છે ખડકી.

'નિંભાડો' નિબંધમાં કુંભારની કલા કારીગરીને ગ્રામજીવન સાથે એકરૂપ વણી લઈને બિરદાવી છે. 'વાડો' અને 'બીડ' નિબંધના આ બંને તત્વો ગ્રામ જીવન સાથે વણાઈ ગયા છે. અને એ દ્વારા જ ગામડાની ઓળખ થાય છે. ઉનાળાના સમયે ગામને ચોટે જુદા-જુદા કારીગરો ભેગા થાય અને પેઢી દર પેઢીથી ચાલ્યો આવતો વ્યવસાય કરે. ગામામાં એ જગ્યા 'કોઢ' તરીકે ઓળખાય. ઉનાળામાં કોઢ એ મહત્વની બની રહે છે. જેનું આલેખન રામચંદ્ર પટેલે 'કોઢ' નિબંધમાં કર્યું છે.

ખેડૂતો માટે જીવાદોરી સમાન 'ગાલ્લું' અને 'હળ' એનું મહત્વનું સમજાવ્યું છે. આજના સાંપ્રત સમયે યંત્રયુગમાં ગાડું અને હળનું સ્થાન આધુનિક ઓજારોએ લીધું છે. પરિણામે ગામડાની સ્વચ્છતા અને કુદરતી હવામાં ફેરફારો થવા લાગ્યા છે.

'બડેલી અને બ્રહ્માનંદ' નિબંધમાં રાજકુંવરી બળવંતીનું બડેલી મંદિર કેવી રીતે પ્રકટ્યું એની રસપ્રદ કથા તેમજ આ મંદિરના પુજારી બ્રહ્માનંદ બાવાનું વિશિષ્ઠ વ્યક્તિત્વ સર્જકે આલેખ્યું છે.

રામચંદ્ર પટેલ પણ આપણને એજ બતાવે છે કે તેઓ નિબંધ લખી રહ્યાં, છેક તળ લગથી. જો એમાં એક સંવેદનપટુ સર્જકની ઊંડી આરત પમાય છે.

માર્કસે કહ્યું છે તેમ-'માનવીઓની ચેતના તેમની હસ્તીને નિર્ધારિત કરતી નથી, પરંતુ એથી ઉલટું તેમની સામાજિક હસ્તી જ તેમની ચેતનાને નિર્ધારિત કરે છે. એટલે કહી શકાય કે મણિલાલ હોય કે રામચંદ્ર તેઓ ભલે વ્યવસાય કે કોઈ નિમિત્તે શહેરોમાં વસ્યા હોય કે ફર્યા હોય પણ તેમની સામાજિક ચેતનાનું નિર્ધારણ તો ગામડાંમાં જ થયું છે. ગ્રામ જીવનમાં ઉગી, ઉછરી અનુભવી ને પામ્યા છે.

ગ્રામચેતનાથી ભર્યોભર્યો લેખક શહેરને આલેખે છે તે જૂઓ- ""લોકોની અવર-જવર, વાહનો, મકાનો તથા કાળી ગાદડીઓની જેમ રખડતી રીક્ષાઓ દેખવામાં મજા પડતી હતી. અમે બંને ચાલતા મા. જે પુસ્તકાલય કોર્નર પાસે આવી ત્યાં લીમડા નીચે ઉભા રહ્યાં. લીમડો મારા શેઢાનો જાણે એ લ્હેરે—એમાં પંખીઓ બોલે—ઉપર વાદળ." (અડધો સૂરજ સુકો, અડધો લીલો ચાંદો)

પાનખર નિબંધમાં લેખકે શિશિર અને પાનખરને બે કન્યાઓ કલ્પી છે. આપણે એ આલેખન જોઈએ. તેમાં રામચંદ્રે કરેલ વર્ણન જૂઓ.

"બંનેના મુખ મુક, છાતી એક. અડોઅડ પડખાં. હાથ-પગ-પંજા-પીંડીઓ એકમેકમાં બંધાયેલા. બંને હતી ભર ઊંઘમાં. શિશિર લાગે નીલાંબર, ત્યારે પાનખર રાખોડી. એમના શરીર પ્રમાણસર, અંગઅંગ ઘાટીલાં. નાસિકાઓ તગતગે મધુપુષ્પો! બંનેના ઓષ્ઠ પર જાસુદ. રૂંવાટે રૂંવાટે જાણે શંખાવલીનાં ફૂલ ફૂટ્યા ન હોય! પોષની લાડકી દીકરી શિશિર, ત્યારે પાનખર માઘ મહિનાની બહુ માનતી. બંને કૈશોર્યમાં ફૂટું-ફૂટું, ઘરોવાસ. સૂર્યે, એ બંનેને ઉઠાડ્યા, થોડોક તડકો છાંટ્યો. તીખા તાપનો દીધો છમકારો. પહેલી શિશિર ઝબકી, એ ઊભી થઈને નાઠી. એના હળવા ઠમકારથી પાનખર સફાળી જાગીને એ શિશિર પાછળ દોડી. બંને માસિયાઈ બહેનો, પહોળી પહોંચતી ગજાદાર સ્ફૂર્તિવાળી. ઊંચાઈ પણ એક સરખી."

આમ, સમગ્ર રીતે જોતાં 'માટી અને મોભ' તેમજ 'અડધો સૂરજ સુકો, અડધો લીલો ચાંદો' ના નિબંધો ગ્રામ જીવનના વિવિધ તત્વોને પ્રગટાવે છે. દરેક અંગોના સમન્વયથી ગામડું સાચા અર્થમાં ગામડું બંને છે. ભારતીય ગામડું એની સુક્ષ્મ સોડમ સાથે પ્રગટ્યું છે.

સંદર્ભ-


I. 'અડધો સૂરજ સુકો, અડધો લીલો ચાંદો': રામચંદ્ર પટેલ પ્રથમ આવૃત્તિ-૨૦૧૦

II. 'માટી અને મોભ': રામચંદ્ર પટેલ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ પ્રથમ આવૃત્તિ-૨૦૧૦ (મુલ્ય-૭૫)